## આકાશવાણી ભુજ

## સમાચાર વાચક : જયદીપ વૈશ્નવ

**તારીખ : 07-04-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

# ઇલેક્ટ્રોનિક રેન્ડમાઇઝેશન

કચ્છના અબડાસા, માંડવી, ભુજ, અંજાર, ગાંધીધામ અને રાપર વિધાનસભા દીઠ પ્રથમ ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજરોજ ઈવીએમ વેરહાઉસ ભુજ ખાતેથી જિલ્લાના તમામ વિધાનસભા મતવિસ્તારોમાં ઇવીએમ મશીનની સોંપણીની કામગીરી કરવામાં આવી હતી. લોકસભા ચૂંટણી અન્વયે કુલ ૬ વિધાનસભા દીઠ ૨૩૦૫ બેલેટ યુનીટ, ૨૩૦૫ કન્ટ્રોલ યુનીટ અને ૨૪૮૮ વીવીપેટની ફાળવણી કરવામાં આવી છે. આ ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશન પછી મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઈવીએમ સોંપણીની કામગીરી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરા સહિત વિવિધ અધિકારીઓના માર્ગદર્શન અંતર્ગત કરવામાં આવી હતી.

**માહિતી ખાતુ**

---

# અધવચ્ચે શાળા છોડી જનારા

કચ્છમાં 6થી 19 વર્ષ સુધીના અધવચ્ચે શાળા છોડી જનારા વિદ્યાર્થીઓની મોજણી કરાશે. જે અંતર્ગત કચ્છ જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર કચેરીના માર્ગદર્શન હેઠળ સર્વે હાથ ધરાશે. બાળકોને શોધવા માટેના સર્વેમાં જિલ્લાના શહેરી વિસ્તારો ઉપર ભાર મૂકાયો છે, જેમાં ગરીબ અને પછાત વિસ્તાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

**N.P. જયદીપ વૈશ્નવ**

---------------------------------------------------------------------

## સ્વીપ હેઠળ વિવિધ પ્રવૃત્તિ

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત જિલ્લામાં સ્વીપ હેઠળ  વિવિધ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં મતદાન જાગૃતિ વિષયક પોસ્ટર નિર્માણ જેવી પ્રવૃત્તિ સાથે મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કચ્છના ભુજ, ગાંધીધામ, અંજાર, નખત્રાણા, માંડવી, રાપર સહિતના તમામ તાલુકા મથકો અને મોટા ગામોની શાળાઓ અને કોલેજો દ્વારા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ આવે તે માટે ચૂંટણી થીમ આધારિત પોસ્ટર્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં  150 કરતા પણ વધુ શાળા કોલેજોએ ભાગ લીધો હતો.

**N.P. જયદીપ વૈશ્નવ**

---------------------------------------------------------------------

## ઇ કો-ઓપરેટીવ પોર્ટલ

રાજય સરકારના સહકાર વિભાગના ઇ.કો-ઓપરેટીવ પોર્ટલ ઉપર કચ્છ જિલ્લાની તમામ સહકારી મંડળીઓના ડેટા ઓનલાઇન કરવા અંગેની કામગીરી હાલ ચાલુમાં છે, જેથી કચ્છની તમામ સહકારી મંડળીઓના હોદેદારોએ, પ્રમુખ, મંત્રીનું નામ, મોબાઇલ નંબર, ઇ-મેઇલ આઇ.ડી તથા છેલ્લા ઓડીટ રીપોર્ટની વિગતો  જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજની કચેરીમાં રૂબરૂ રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.

**N.P. જયદીપ વૈશ્નવ**

---------------------------------------------------------------------

## ખગાસ સૂર્યગ્રહણ

આવતીકાલે સોમવતી અમાસ નાં ખગ્રાસ એટલે કે સંપૂર્ણ સૂર્ય ગ્રહણ થશે જોકે આપણે ત્યાં મધ્ય રાત્રિ હોવાથી તે જોઈ નહિ શકાય ભારતમાં 20 મી સદી માં આવા ત્રણ ખગ્રાસ સૂર્ય ગ્રહણ થયાં હતા 1980 ની 16મી ફેબ્રુઆરી એ પછી 1995ની 25 મી ઓક્ટોબર દિવાળી નાં દિને તથા છેલ્લે 1999 ની.11,મી ઓગસ્ટે  સંપૂર્ણ  સૂર્ય ગ્રહણ ની ઘટનાઓ નિહાળવા મળી હતી

**N.P. જયદીપ વૈશ્નવ**

-----------------------------------------------------------------------

## જનરલ હોસ્પિટલ રક્ત એકત્ર

ભુજની જનરલ હોસ્પિટલ દ્વારા માર્ચ માસમાં 693 યુનિટ લોહી એકત્ર કરવામાં આવ્યું હતું. રક્તદાન માટે અનુરોધ કરતા બ્લડ બેંકના હેડ ડો.જીજ્ઞાબેન ઉપાધ્યાયએ જણાવ્યું કે,વર્તમાન સમયગાળામાં ગરમી, ઉનાળુ વેકેશન, લગ્નગાળો અને ચુંટણીનો સમય હોતાં  સામાજિક,ધાર્મિક સંસ્થાઓ અને ઉધોગગૃહો રક્તદાન માટે આગળ આવે તો જરૂરિયાતમંદ દર્દીઓની લોહીની આવશ્યક્તા પૂર્ણ કરી શકાય. ગત માર્ચ મહિનામાં  બ્લડ બેંક દ્વારા સ્થાનિકે 381 યુનિટ અને કેમ્પ મારફતે 312 રક્ત થેલી એકત્રિત કરવામાં આવી હતી.

**N.P. જયદીપ વૈશ્નવ**

-----------------------------------------------------------------------

## વિશ્વ આરોગ્ય દિવસ

આજે વિશ્વ આરોગ્ય દિવસ છે. વૈશ્વિક સ્વાસ્થ્ય જાગૃતિ વધારવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની વિષયવસ્તુ - 'મારું સ્વાસ્થ્ય, મારો અધિકાર' છે.

આ પ્રસંગે આકાશવાણી સાથે વાત કરતાં નવી દિલ્હી એઈમ્સના પ્રોફેસર ડૉ. રીમા દાદાએ જણાવ્યું હતું કે, જીવનશૈલીમાં મુખ્ય ફેરફારો અને યોગ જેવી પદ્ધતિઓ અપનાવવાથી રોગોને હરાવવામાં મદદ મળી શકે છે.

**N.P. જયદીપ વૈશ્નવ**

---------------------------------------------------------------------

## સુવિધા પ્લેટ ફોર્મ

ચૂંટણીની જાહેરાત અને આદર્શ આચારસંહિતા કાર્યરત થયા પછી માત્ર 20 દિવસના ગાળામાં, સુવિધા પ્લેટફોર્મને રાજકીય પક્ષો અને ઉમેદવારો તરફથી દેશભરમાંથી 73 હજારથી વધુ મંજૂરી વિનંતીઓ મળી હતી, જેમાંથી 44,626 વિનંતીઓ મંજૂર કરવામાં આવી હતી. લગભગ 11,200 વિનંતીઓને નકારી કાઢવામાં આવી હતી, જે પ્રાપ્ત થયેલી કુલ વિનંતીઓના 15% છે અને 10,819 અરજીઓ અમાન્ય અથવા ડુપ્લિકેટ તરીકે રદ કરવામાં આવી છે. બાકીની અરજીઓ 7 એપ્રિલ, 2024 સુધી ઉપલબ્ધ વિગતો મુજબ પ્રક્રિયા હેઠળ છે.

**N.P. જયદીપ વૈશ્નવ**

---------------------------------------------------------------------